## પ્રેસ નોટ –૧

## શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ દ્વારા ઔધોગિક મુલાકાત

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા એ તા. ૨૮/૧૨/૧૧ ના રોજ એમ.ફાર્મ કલીનીકલ ફાર્મસી તથા ફાર્માકોલોજી ના સેમ–૧ ના વિધાર્થીઓ માટે ટોરેન્ટ રીસર્ચ સેન્ટર, ગાંધીનગર ખાતે એક દિવસીય ઔધોગિક મુલાકાતનું આયોજન કરેલ. આ મુલાકાત અંતર્ગત તેઓએ કલીનીકલ રીસર્ચ સેન્ટરમાં વર્તમાન સમયમાં ચાલી રહેલ સંશોધનો વિશેની માહિતી મેળવી હતી. આ ઉપરાંત એનીમલ હાઉસ તથા ફાર્માકોલોજી લેબોરેટરીની મુલાકાત દરમ્યાન તેઓએ અધતન સાધનો તથા વિવિધ ટેકનીક્સ વિશે સમજ મેળવી હતી.

## પ્રેસ નોટ –૨

## શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ નું ગૌરવ

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણાના એમ.ફાર્મ (ફાર્મા. કેમેસ્ટ્રી) સેમ–૧ ના વિધાર્થી વિરાજ જાટકીયા એ તા. ૧૦–૧૩ નવેમ્બર ૨૦૧૧ દરમ્યાન અંબાજી ખાતે આયોજીત ચાર દિવસીય “ઈન્ટરન.શનલ કોન્ફરન્સ ઓન લાઈફ સાયન્સ” માં “ન્યુર એપ્રોચ ઓફ મોનીટરીંગ ઓર્ગેનિક રીએકશન્સ યુઝીંગ , ડાયફીનાઈલ–૨–પીક્રાઈલહોઈડ્રાઝીલ સ્ટેબલ ઓકસીડન્ટ” વિષય ઉપર મૌલિક સંશોધનપત્ર મૌખિક સત્રમાં રજુ કરેલ. આ સંશોધન પત્રની નોંધ ઉપસ્થિત ભારતીય તથા બીનભારીય વૈજ્ઞાનિકોએ લીધેલ તેમનું સંશોધનપત્ર લાઈફ સાયન્સીઝ લીફલેટસ તથા જર્મનીની અતિ પ્રતિષ્ઠિત પ્રકાશન સંસ્થા દ્વારા પ્રકાશીત થયેલ છે. ઉપરોકત સંશોધનપત્ર તેમણે ર્ડા. ધ્રુબો જયોતિ સેન તથા ર્ડા. આર. બદમનાબન ના સંયુકત માર્ગદર્શન હેઠળ તૈયાર કરેલ. આ સિધ્ધી બદલ એસ.એસ.પી.સી. પરિવાર ગૌરવની લાગણી અનુભવે છે.

## પ્રેસ નોટ –૩

## શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ નું ગૌરવ

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણાના પ્રાધ્યાપક ર્ડા. ધ્રુબો જયોતિ સેન ને રોયલ સોસાયટી ઓફ કેમેસ્ટ્રી, કેમ્બ્રીજ, યુ.કે દ્વારા ભારતીય શિક્ષા ક્ષેત્રે ઉત્કૃષ્ટ યોગદાન તથા પ્રદર્શન બદલ ફેલોશીપ પ્રદાન થયેલ છે. તેઓ સાલ ૧૯૯૫ થી આ વિજ્ઞાન સંસ્થા સાથે સંકળાયેલ છે. તથા સાલ ૨૦૦૫ માં તેઓ ચાટર્ડકેમીસ્ટની પદવીતી પણ સન્માનીત થયેલ છે. આ અનન્ય સિધ્ધી બદલ તેઓશ્રીને એસ.એસ.પી.સી. પરિવાર તરફથી ખુબ ખુબ અભિનંદન.